અપીલ અરજી નં.૩૦૫ તા.૧૯–૧૨–૦૯/૧૦

અરજદારઃ– ડો. બાબુલાલ એમ. શાહ

સામાવાળાઃ–ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો. બાબુલાલ એમ. શાહની તા.૧૦–૧૧–૦૯ ની અરજીથી ટેના નં.૨૨સી–૩૭–૪૬૧,૫૩૧,૬૩૧ ,૬૪૧,૬૫૧,૧૫૮૧ ,૧૬૮૧,૧૭૯૧, ૧૮૦૧ –૦ –૦૦૧ તથા ૨૨સી–૩૯–૬૨૧,૬૫૧,૭૧૧–૦–૦૦૧ ની વિગેરેની આકારણી બાબત, હરકત અરજીની પ્રક્રિયાની માહિતી આકારણી ઘટાડવાની સત્તાની માહિતી, તેના રીપોટીંગ આર્થિક નુકશાન, ઓડીટ અને વસુલાતની તથા આસી. લો ઓફિસરની શિક્ષાત્મક કાર્યવાહીની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૯–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૦૫/૨૦૦૯–૧૦

શ્રી ડો. બાબુલાલ એમ. શાહની તા.૧૦–૧૧–૦૯ ની અરજીથી ટેના નં.૨૨સી–૩૭–૪૬૧,૫૩૧,૬૩૧ ,૬૪૧ ,૬૫૧,૧૫૮૧ ,૧૬૮૧,૧૭૯૧, ૧૮૦૧–૦ –૦૦૧ તથા ૨૨સી–૩૯–૬૨૧,૬૫૧,૭૧૧–૦–૦૦૧ વિગેરેની આકારણી બાબત, હરકત અરજીની પ્રક્રિયાની માહિતી આકારણી ઘટાડવાની સત્તાની માહિતી, તેના રીપોટીંગ આર્થિક નુકશાન ઓડીટ અને વસુલાતની તથા આસી. લો ઓફિસરની શિક્ષાત્મક કાર્યવાહીની માહિતી આપવા બાબતે આજ દિન સુધી માહિતી નહીં મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૬૬ તા.૨૯–૧૨–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને આરટીઆઈ સેલ/૪૪૯ તા.૬–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, સે.ઝોન તરફથી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૦૮૦ તા.૧૧–૧૧–૦૯ તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર વરાછાઝોન તરફથી પર્સોનલ ઓફિસર (મધયસ્થ મહેકમ) વિભાગને મોકલેલ આરટીઆઈ સેલ /આ.નં.૪૪૯ તા.૧૩–૧૧–૦૯ ના નકલ, અરજદારને આપેલ માહિતીના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૪૯ તા.૯–૧૨–૦૯ નાપત્રની નકલ, અત્રે પૂરક માહિતીમાં મળેલ છે. વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૪૯ તા.૧૩–૧૧–૦૯ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ મુખ્ય કચેરી સુરતને મુદ્દા નં.૭ અંગે તબદીલ કરેલ. જે અંગે અત્રેની કચેરીને મળેલી માહિતી મુજબ અરજદારને નં.જીએડી/ઈએસટી/૨૫૯૫ તા.૧૮–૧૧–૦૯ થી મુદ્દા નં.૭ અંગેની માહિતી આપવામાં આવેલ છે.

અરજદારની તા.૧૦–૧૧–૦૯ થી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન વિભાગમાં કરવામાં આવેલ. જે બાબતે સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૦૮૦ તા.૧૧–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ.જે અંગે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી આરટીઆઈ સેલ/આ.નં.૪૪૯ તા.૧૩–૧૧–૦૯ થી મુદ્દા નં.૭ અંગે પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ)ને તબદીલ કરવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૪૯ તા.૯–૧૨–૦૯ થી મુદ્દા નં.૧ થી ૬ અને ૮ અને ૯ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે.જયારે મુદ્દા નં.૭ ની માહિતી મધ્યસ્થ મહેકમ તરફથી પૂરી પડાયેલ જણાતી નથી. ટેનામેન્ટ નં.(૧)(૨૨સી–૩૭–૦૪૬૧–૦–૦૦૧), (૨)૨૨સી–૩૭–૦૫૩૧–૦–૦૦૧ (૩, ) ૨૨સી–૩૭–૦૬૩૧ –૦ –૦૦૧, (૪)૨૨સી–૩૭–૦૬૪૧–૦–૦૦૧,(૫) ૨૨સી–૩૭–૦૬૫૧–૦– ૦૦૧,(૬) ૨૨સી–૩૭–૧૫૮૧ –૦–૦૦૧, (૭)૨૨સી–૩૯–૦૬૨૧–૦–૦૦૧ (૮)૨૨સી–૩૭–૦૬૫૧–૦–૦૦૧ (૯)૨૨સી–૩૯– ૦૭૧૧ –૦–૦૦૧, (૧૦)૨૨સી–૩૭–૧૬૮૧–૦–૦૦૧, (૧૧)૨૨સી–૩૭–૧૭૯૧–૦–૦૦૧, (૧૨)૨૨સી–૩૭– ૧૮૦૧ –૦–૦૦૧.

મુદ્દા નં.૧.ઉકત જણાવેલ ટેના મેન્ટ નંબરની મિલ્કતની વા.ભા.ગો. આકારણી ૨૦૦૭ માં કેટલી હતી? અને આકારણી કયા કારણોસર ઘટાડવામાં આવી તેની માહિતી અને આકારણી ઘટાડવા બાબતના હુકમની નકલના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર ટેનામમેન્ટ નંબરની સને ૨૦૦૭ ની વા.ભા.ગો. આકારણીનું પત્રક આ સાથે સામેલ છે જે આકારણી હરકત અરજીના ચૂકાદાના આધારે ઘટાડવામાં આવેલ. જે બાબતેના હુકમોની નકલ તથા પત્રકના પાના નં.૧ થી ૧૩ ના રૂા.૨૬/– ભર્યેથી કચેરીએથી આપવામાં આવશે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૨. એપેલેટ ઓફિસર વરાછાઝોન ધ્વારા નિર્દિષ્ટ નંબરોવાળી મિલ્કતો અંગે થયેલ હરકત અરજી સાંભળવા તથા થયેલ રીપોર્ટ તેમજ તેના પર થયેલ રીમાર્કસની નકલની માંગણી કરેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એપેલેટ ઓફિસર ધ્વારા નિર્દિષ્ટ ટેનામેન્ટવાળી મિલ્કતો અંગે થયેલ હરકત અરજી સાંભળવા તથા થયેલ રીપોટીંગ તેમજ તેના પર થયેલ શેરા રીમાર્કસની નકલના પાના નંગ–૧૭૫ ના રૂા.૧૫૦ ભર્યેથી કચેરીએથી આપવામાં આવશે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૩. વા.ભા.ગો. આકારણી ઘટાડવાની સત્તા ઝોનલચીફને આપવામાં આવેલ હોય તો તેવા સત્તા સોંપણીની નકલની માંગણી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વા.ભા.ગ્રો. આકારણી ઘટાડવાની સત્તા ઝોનલચીફને ઓર્ડર

નં.ડીપી/૦૨/૨૦૦૬–૦૭ ની નકલના પાના નંગ૧ થી ૯ ના રૂા. ૧૮ ભર્યેથી આપવામાં આવશે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૪. નિર્દિષ્ટ ટેનામેન્ટ વાળી મિલ્કતની વા.ભા.ગો. આકારણી ઘટાડો કરવા માટે સક્ષમ સત્તાની મંજુરી મેળવવામાં આવી હોય તો તેવી મંજુરીના રીપોટીંગની નકલની માહિતી માંગવામાં આવેલ. જેબાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિર્દિષ્ટ ટેનામેન્ટ વાળી મિલ્કતની વા.ભા.ગો. આકારણી ઘટાડો કરવા માટે મંજુરી મેળવવામાં આવેલ. જેની નકલ પાના નં.૧ થી ૩ ના રૂા.૬/– ભર્યેથી આપવામાં આવશે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૫ નિર્દિષ્ટ ટેનામેન્ટ નંબરોવાળી મિલ્કતની વા.ભા.ગો. આકારણી ઘટાડવાથી સુરત મહાનગરપાલિકાને વાર્ષિક કેટલા રૂપિયા વેરાની આવકનું આર્થિક નુકશાન થયેલ છે તેની ટેનામેન્ટ વાઈઝ રકમ દર્શાવતી માહિતી આપવી. મુદ્દા નં.૬. ઝોનલચીફના ચૂકાદાના કારણે કોર્પોરેશનને કેટલા રૂપિયાનું આર્થિક નુકશાન થયેલ છે તેની માહિતી તથા આ હુકમોનું ઓડીટ થયેલ છે કે નહી. તેવી માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નિર્દિષ્ટ ટેનામેન્ટ વાઈઝ આકારણી પત્રક સાથે સામેલ છે તથા હરકત અરજીના ચૂકાદાનું ઓડીટ થયેલ નથી. તેવી માહિતી આપેલ છે. જયારે મુદ્દા નં.૭ અંગે ઝોનલચીફની કોઈ પોસ્ટ સુરત મહાનગરપાલિકામાં નથી તો પછી દરેક ઝોનના વડા કેવી રીતે ઝોનલ સત્તા વાપરે છે નહી. તેવી માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૭ ના અનુસંધાને જણાવવાનું કે ઝોનમાં જાહેર જનતાની ફરીયાદો ઝડપી નિકાલ કરી શકાય અને ઝોનનો વહીવટ સરળતાથી સુવ્યવસ્થિત ચાલે તે હેતુસર સક્ષમ સત્તા ધ્વારા જે તે અધિકારીઓને ઝોનલચીફની કામગીરી સોંપવાના હુકમો ઈસ્યુ કરવામાં આવે છે. તેઓ ઝોનમાં કામગીરી કરેલ છે. તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૮. ડીમોલીશન ચાર્જ કોની પાસેથી વસુલ કરવામાં આવે છે અને કોની પાસેથી વસુલ કરવામાં આવતો નથી તેની માહિતીની માંગણી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડીમોલીશન ચાર્જીસ વસુલ કરવા કમિશ્નરશ્રીના પરિપત્રથી જણાવવામાં આવેલ છે. પરંતુ આ અંગે નિતિ તૈયાર કરવામાં આવેલ નથી પરંતુ જો તે બાંધકામ અંગેના ગુણદોષ ચકાસી ઝોનના વડા એટલે કે ઝોનલચીફને યોગ્ય જણાયે તે મુજબનો ડીમોલીશન ચાર્જ વસુલ લેવા નિર્ણય કરે છે. મુદ્દા નં.૯ આસી. લો ઓફિસર વરાછાઝોનને કોઈ ભૂતકાળમાં શિક્ષાત્મક કાર્યવાહી થયેલ છે કે નહી? જો શિક્ષાત્મક કાર્યવાહી થયેલ હોય તો તેને દંડ થયેલ હોય તો તેની નકલની માહિતની માંગણી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આસી. લો ઓફિસર વરાછાઝોનની સર્વીસબુક તપાસતાં શિક્ષાત્મક કાર્યવાહી થઈ હોવાનું જણાતું નથી. તેવી માહિતી આપેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી મુદ્દા નં.૭ સિવાયની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે પૈકી મુદ્દા નં.૧ થી ૪ માં માહિતી તથા દસ્તાવેજ ફી ભરપાઈ કરીને મેળવવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. પરંતુ તે મેળવેલ છે કે કેમ તે અંગેની વિગતો બંને પક્ષકારો પૈકી કોઈના તરફથી અપીલ તબકકે પૂરી પાડવામાં આવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી અરજદાર જાહેર માહિતી અધિકારીએ જણાવેલ ફી ભરપાઈ કરી મેળવી શકે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી બાબુભાઈ એમ. શાહ,